206

અનુસુચિત જાતિઓને સામાજિક બહિષ્કાર/
હિજરત તથા બીજી આફતોમાં આપવામાં
આવતી નાણાંકીય સહાયમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવક્રમાંકઃહસલ–૧૦૯૯–આઈ–૧૪૪–હ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ– ૧૦–૧૦–૨૦૦૦.

વંચાણે લીધોઃ–

(૧) સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ/૧૦૮૧/સી.નં.૯૯૮/જ તાઃ૨૩–૩–૮૧.
(૨) સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ/૧૦૮૫/૨૫૭૨/૯૩/જ તાઃ૧૪–૨–૯૪.
(૩) સમાજકલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃહસલ/૧૦૯૪/૩૩૬૧/હ તાઃ૨૧–૩–૯૮.

## ઠરાવ

અનુસુચિતજાતિના ઈસમો અન્ય જાતિના લોકો દવારા સામાજિક બહિષ્કાર કરવો, તેમની રોજીરોટી બંધ કરવી, તેમને મજુરીએ ન બોલાવવા જેવા સામાજીક અસહકારનો ભોગ બનતા હોય છે તેમજ આવા બનાવને કારણે અનુસુચિત જાતિના ઈસમોને કેટલીક વખત હિજરત પણ કરવી પડે છે.આવા પ્રસંગોએ તેમને નાણાંકીય સહાય આપવાની યોજના આમુખમાં દર્શાવેલ ઠરાવોથી અમલમાં છે. તાઃ–૨૧–૩–૯૮નાં ઠરાવની જોગવાઈઓ પ્રમાણે હાલમાં સામાજિક બહિષ્કારનો ભોગ બનેલ કુટુંબોને હિજરત કરવાની ફરજ પડતાં અસર પામેલ કુટુંબની કમાઉ કે બિન કમાઉ દરેક વ્યક્તિને દરરોજનાં રુા.૧૦/– લેખે છ માસ સુધી આર્થિક સહાય અને જો ઢોરનું સ્થળાંતર થયેલ હોય તો પ્રત્યેક ઢોર દીઠ રુા.૬/– લેખે વધુમાં વધુ ૬ માસ માટે નિભાવ ખર્ચ તરીકે કેશડોલ્સ આપવાનું અમલમાં છે.

૨. પુખ્ત વિચારણાને અંતે સામાજિક બહિષ્કાર/હિજરતનો ભોગ બનેલ અનુસુચિત જાતિના કુટુંબની કમાઉ તથા બિન કમાઉ દરેક વ્યક્તિને દરરોજના ૧૦/–ને બદલે હવે રુા.૧૫/–(અંકે રુપિયા પંદર પુરા) વધુમાં વધુ છ માસ સુધી આર્થિક સહાય ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. આ સહાય સામાજીક બહિષ્કાર/હિજરત ચાલુ રહે ત્યાંસુધી મહ–તમ છ માસની મર્યાદામાં અથવા બેમાંથી જે વહેલું હોય ત્યાંસુધી આપવાની રહેશે.

૪. આવા પ્રસંગોએ આ પ્રમાણેની આર્થિક સહાય સુધારેલ દરે આપવાની વ્યવસ્થા કરવા નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણને સુચના આપવામાં આવે છે.

૫. આર્થિક સહાયના દરમાં થયેલ વધારો ઠરાવ બહાર પાડયાની તારીખથી અમલમાં આવશે.

Scanned with CamScanner

૬. અનુસુચિત જાતિનાં ઈસમોને આ સહાયમાં વધારો કરવાની બાબત સિવાયની જોગવાઈઓ સમાજ કલ્યાણ વિભાગના તાઃ૨૧–૩–૯૮ નાં ઠરાવ ક્રમાંકઃ–હસલ–૧૦૯૪–૩૩૬૧–હ મુજબ યથાવત રહેશે.

૭. આ અંગેનો ખર્ચ અંદાજપત્રનાં સદર "૨૨૨૫,અનુસુચિત જાતિઓ,અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, કેન્દ્રપુરસ્કૃત યોજના પેટાસદર (૬) બીસીકે ૫૭ નાગરીક સેલ" હેઠળ ઉધારવો અને તે અંગે કરેલ જોગવાઈઓમાંથી મેળવવાનો રહેશે.

૮. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તાઃ–૧૭–૮–૨૦૦૦ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજયપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(વિ.એમ.પરમાર)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

x માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
સર્વે માનનીય મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
મા.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
સર્વે રાજય કક્ષા ના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
માનનીય નાયબ મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
સર્વે નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણ,ગુજરાત રાજય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ,ગુજરાત,અમદાવાદ/રાજકોટ.
રેસીડેન્ટ ઓડીટ ઓફીસર,અમદાવાદ/ગાંધીનગર.
પે એન્ડ એકાઉન્ટ્સ ઓફિસ,અમદાવાદ/ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,વર્ગ–૧.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત).
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
સામાજિક ન્યાય અને અધિકારીતા —— વિભાગની સર્વે શાખાઓ.
પસંદગીની ફાઈલ.

---

x પત્ર દવારા.

Scanned with CamScanner